
Vishva Samachar Weekly

RNI : GujGuj/2001/05622

લવાજમ
વાર્ષિક : 250 રૂપિયા
છૂટક નકલ : 5-00 રૂપિયા
'વિશ્વ સમાચાર'ના
નામથી મોકલી આપવા વિનંતી
શેઠ વાડીલાલ સારાભાઇ
હોસ્પિટલ સામે,

Associated
PRESS OWNERS WELFARE ASSOCIATION

વિશ્વ સમાચાર
સાપ્તાહિક




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA

E-mail : vishvasamacharindia@gmail.com

● Office : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Allisebridge, Ahmedabad - 380006 : Mo. 92745 45455

• Year : 24 • Issue : 51 • Dt. 15-09-2025 • Monday • Rs.5-00 • • Page-4

# કોઈ મને ગમે તેટલા અપશબ્દો કહે, હું શિવ ભક્ત, ઝેર પી જાઉં છું : મોદી

દરાંગ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ૧૪ સપ્ટેમ્બરના રોજ આસામના દરાંગ જિલ્લામાં મંગલદોઈ ખાતે રૂ. ૬૩૦૦ કરોડના હેલ્થકેર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો છે. તેમણે દરાંગ મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને જીએનએમ સ્કૂલના બાંધકામનો શુભારંભ કરાવ્યો છે. આ હેલ્થકેર પ્રોજેક્ટ પાછળ રૂ. ૫૭૦ કરોડનું રોકાણ કરવામાં આવશે.

આ ઉદ્ઘાટન દરમિયાન વડાપ્રધાન મોદીએ આસામની પ્રજાને સંબોધતાં પોતાને ભગવાન શિવના ભક્ત તરીકે દર્શાવ્યા છે. તેમણે કહ્યું કે, કોઈ મને ગમે તેટલી ગાળો આપે, હું બધુ ઝેર પચાવી જઉ છું. તેમણે કોંગ્રેસ પાર્ટી પર કટાક્ષ કરતાં કહ્યું કે, મારુ રિમોટ કંટ્રોલ દેશની ૧૪૦ કરોડ જનતા છે. તે મારી માલિક છે. હું શિવ ભક્ત છું. ગમે તેવુ ઝેર પચાવી જઉ છું.

પીએમ મોદીએ કહ્યું કે, મારા માટે તો મારી પ્રજા જ મારો ભગવાન છે. મારા ભગવાન પાસે મારા આત્માનો અવાજ નહીં નીકળે તો બીજે ક્યાં નીકળશે. તેઓ મારા માલિક છે. મારા માટે પૂજનીય છે. મારો રિમોટ કંટ્રોલ છે.

થોડા દિવસ પહેલાં બિહારના દરભંગામાં I.N.D.I.A ગઠબંધનની વોટર અધિકાર યાત્રા દરમિયાન વિપક્ષના અમુક કાર્યકરોએ પીએમ મોદી અને તેમની માતાને અપશબ્દો કર્યા હતા. જેનો વીડિયો વાઈરલ થયો હતો. આ વીડિયો પર આકરી પ્રતિક્રિયા આપતાં વડાપ્રધાને આસામથી કોંગ્રેસ પર કટાક્ષ કર્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દરાંગ અને ગોલાઘાટ જિલ્લામાં રૂ. ૧૮૫૩૦ કરોડની પરિયોજનાઓનું ઉદ્ઘાટન કર્યું છે. તેમણે બે જનસભાને સંબોધી હતી. જેમાં કહ્યું હતું કે,



આસામ ૧૩ ટકાના દરે ઝડપથી વિકસી રહ્યું છે. આસામના લોકોના આકરા પરિશ્રમ અને ભાજપની ડબલ એન્જિન સરકારના યોગદાનનું આ પરિણામ છે. આજે વિશ્વમાં ભારત સૌથી ઝડપથી વિકસતો દેશ બન્યો છે અને તેમાં આસામ સૌથી ઝડપથી વિકસતુ રાજ્ય.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આસામની મુલાકાતે છે. તેમણે દારંગમાં એક જાહેર સભાને સંબોધિત કરી હતી. આ દરમિયાન તેમણે તાજેતરમાં પૂર્ણ થયેલા ઓપરેશન સિંદૂર વિશે વાત કરતા કહ્યું કે, ઓપરેશન સિંદૂર મા કામાખ્યાના આશીર્વાદથી જબરદસ્ત સફળતા મળી છે. તેમણે કોંગ્રેસ પાર્ટી પર પણ આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, "હું ભગવાન શિવનો ભક્ત છું, હું બધુ ઝેર પીય જાઉં છું."

પીએમ મોદીએ કહ્યું કે, કેન્દ્ર અને રાજ્યની ડબલ એન્જિન સરકાર આસામ અને ઉત્તર પૂર્વના વિકાસ માટે સંપૂર્ણ પ્રામાણિકતા સાથે કામ કરી રહી છે. ભૂપેન હજારિકાને યાદ કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, થોડા દિવસો પહેલા તેમના જન્મદિવસ પર આયોજિત કાર્યક્રમમાં હાજરી આપવી તેમના માટે સૌભાગ્યની વાત છે.

પીએમ મોદીએ કહ્યું કે, સરકાર આસામના મહાન સંતાનો અને પૂર્વજોએ જોયેલા સ્વપ્નને સાકાર કરવા માટે સતત પ્રયાસો કરી રહી છે. પીએમએ કોંગ્રેસ પાર્ટી પર પણ નિશાન સાધ્યું હતું.

તેમણે યાદ અપાવ્યું કે, જે દિવસે ભારત સરકારે ભૂપેન હજારિકાને ભારત રત્ન આપ્યો હતો, તે જ દિવસે કોંગ્રેસ અધ્યક્ષે તેમનું અપમાન કરીને કહ્યું હતું કે, મોદી "નાચવા-ગાવા વાળા" ને ભારત રત્ન આપી રહ્યા છે. પીએમે કહ્યું કે, આ નિવેદન આસામ અને તેના લોકોના યોગદાનનું પણ અપમાન છે. ૧૯૬૨ માં ચીન સાથેના યુદ્ધનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, તે સમયે પંડિત નેહરુ દ્વારા આપવામાં આવેલા નિવેદન પછી, ઉત્તર પૂર્વનો ઘા આજ સુધી રૂઝાયો નથી.

તેમણે આરોપ લગાવ્યો કે, કોંગ્રેસની વર્તમાન પેઢી પણ એ જ ઘા પર મીઠું છાંટવાનું કામ કરી રહી છે.

### ઘણા લોકો ગાયને પ્રાણી નથી માનતા : મોદી

## મોદીએ દિલ્હીમાં જ્ઞાન ભારતમ નામનું એક નવું ડિજિટલ પોર્ટલ લોન્ચ કર્યું

નવી દિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં જ્ઞાન ભારતમ નામનું એક નવું ડિજિટલ પોર્ટલ લોન્ચ કર્યું છે. શુક્રવારે સાંજે દિલ્હીના વિજ્ઞાન ભવનમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પોર્ટલ ખાસ કરીને ભારતની હસ્તપ્રતોને ડિજિટલ સ્વરૂપમાં સુરક્ષિત રાખવા અને સાચવવા માટે બનાવવામાં આવ્યું છે. કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રી મોદીએ પ્રાણી પ્રેમીઓ સાથેની તેમની મુલાકાતની એક રમુજી વાર્તા સંભળાવી અને પ્રાણી પ્રેમીઓના વિચાર પર પણ પ્રશ્નો ઉઠાવ્યા.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે તેઓ તાજેતરમાં એક પ્રાણી પ્રેમીને મળ્યા હતા. પ્રધાનમંત્રીની આ વાત સાંભળીને ત્યાં હાજર લોકો હસવા લાગ્યા. પછી પ્રધાનમંત્રીએ કહ્યું, તમે લોકો કેમ હસો છો? આપણા દેશમાં ઘણા લોકો એવા છે જે ગાયને પ્રાણી નથી માનતા. પ્રધાનમંત્રીની આ વાત સાંભળીને લોકો વધુ હસવા લાગ્યા.

વડા પ્રધાનની આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે તાજેતરમાં દિલ્હીમાં રખડતા કૂતરાઓનો મુદ્દો ચર્ચામાં હતો. સુપ્રીમ કોર્ટે શરૂઆતમાં રાજધાનીની શેરીઓમાંથી રખડતા કૂતરાઓને દૂર કરવાનો આદેશ આપ્યો હતો. જોકે, બાદમાં કોર્ટે કહ્યું કે હડકવા અથવા આક્રમક વર્તન ધરાવતા કૂતરાઓ સિવાય, બાકીના બધા કૂતરાઓને નસબંધી અને રસીકરણ પછી છોડી દેવા જોઈએ. તમને જણાવી દઈએ કે મોદી સરકાર ગાયોના કલ્યાણ માટે સમયાંતરે પગલાં લેતી રહે છે, જેમ કે રાષ્ટ્રીય કામધેનુ કમિશનની રચના.

જ્ઞાન ભારતમ પોર્ટલ દ્વારા ભારતના સાંસ્કૃતિક વારસાને બચાવવા અને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. દેશના વિવિધ ભાગોમાંથી એક કરોડથી વધુ હસ્તપ્રતો શોધીને એકત્રિત કરવામાં આવશે અને પછી તેનું ડિજિટાઈઝેશન કરવામાં આવશે. આ પોર્ટલ દ્વારા, યુવા પેઢી તેમની સંસ્કૃતિને વધુ સારી રીતે સમજી શકશે અને તેની સાથે જોડાવાની તક મળશે.

## માતા વૈષ્ણોદેવી યાત્રા આગામી આદેશો સુધી મુલતવી રખાઈ

જમ્મુ

જો તમે પણ માતા વૈષ્ણો દેવીની યાત્રાનું આયોજન કરી રહ્યા છો, તો તેને હાલ પૂરતું મુલતવી રાખો. વાસ્તવમાં, માતા વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડે રવિવાર (૧૪ સપ્ટેમ્બર) થી શરૂ થતી યાત્રા હાલ પૂરતી મુલતવી રાખી છે. યાત્રાના રૂટ પર સતત વરસાદને કારણે શ્રાઈન બોર્ડે આ નિર્ણય લીધો છે. શ્રાઈન બોર્ડે કહ્યું કે માતા વૈષ્ણો દેવી યાત્રા આગામી આદેશો સુધી મુલતવી રાખવામાં આવી છે. ભક્તોને સત્તાવાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા અપડેટ રહેવા વિનંતી છે.અગાઉ શુક્રવારે (૧૨ સપ્ટેમ્બર) શ્રાઈન બોર્ડે કહ્યું હતું કે ખરાબ હવામાન અને ટ્રેકની જરૂરી જાળવણીને કારણે કામચલાઉ સ્થગિત કર્યા પછી, અનુકૂળ હવામાન પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને શ્રી માતા વૈષ્ણો દેવીની યાત્રા ફરી શરૂ થશે.નોંધનીય છે કે ૨૬ ઓગસ્ટના રોજ જમ્મુ વિભાગમાં અત્યંત ખરાબ હવામાન દરમિયાન માતા વૈષ્ણો દેવી મંદિર માર્ગ પર ભૂસ્ખલનને કારણે ૩૫ થી વધુ યાત્રાળુઓએ જીવ ગુમાવ્યા હતા અને ૧૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ કારણે, શ્રી માતા વૈષ્ણો દેવી યાત્રા મુલતવી રાખવામાં આવી હતી. કટરામાં ભૂસ્ખલન બાદ, વહીવટીતંત્રે હોટલ અને ધર્મશાળાઓ ખાલી કરવાનો આદેશ જારી કર્યો હતો.ભસ્ખલન દુર્ઘટના પછી, શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડ (SMVDSB) ની ટીકા થઈ હતી, જમ્મુ અને કાશ્મીરના નાયબ મુખ્યમંત્રી સુરિન્દર ચૌધરીએ પણ યાત્રાનું સંચાલન કરતા SMVDSB ના અધિકારીઓને દોષી ઠેરવ્યા હતા. જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ ત્રણ દિવસ પછી શ્રી માતા વૈષ્ણોદેવી મંદિર માર્ગ પર અખદુવારી નજીક ભૂસ્ખલનની ઘટનાની તપાસ માટે ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવાનો આદેશ આપ્યો હતો.

## તંત્રીની કલમે................

# રશિયા-ચીન વચ્ચે નવી ગેસ પાઈપલાઈનથી ઉર્જા સેક્ટરમાં પરિવર્તન આવશે

બે-ત્રણ વખત લટકી પડેલો ગેસ પાઈપલાઈનનો પ્રોજેક્ટ આગળ તો વધ્યો છે, પરંતુ એમાં હજુય અટચણો આવે એવી પૂરી શક્યતા છે. જો આ પાઈપલાઈનનો પ્રોજેક્ટ પૂરો થશે તો રશિયા ગેસનું મોટું માર્કેટ મેળવશે

રશિયા પાસે કુદરતી ગેસનો સર્વાધિક જથ્થો છે. રશિયાને સર્બિયા અને આર્કટિક સર્કલના પેટાળમાંથી કુદરતી ગેસનો વિશાળ ભંડાર મળ્યો છે. જુદી જુદી સંસ્થાઓના અંદાજ પ્રમાણે રશિયા પાસે ૫૦ હજાર ક્યુબિક કિલોમીટર સુધી ફેલાયેલો ગેસનો જથ્થો છે. એમાંથી રશિયા દર વર્ષે ૭૦૦ ક્યુબિક કિલોમીટરનો ગેસ કાઢીને એનો વેપાર કરે છે. રશિયા દર વર્ષે આટલો જથ્થો વેચશે તો પણ હજુ સાત-આઠ દશકા સુધી દુનિયાને ગેસ વેચી શકશે.

ગેસ પ્રોડક્શનની વાત આવે તો એમાં રશિયા નંબર વન નથી, અમેરિકા નંબર વન છે. અમેરિકા પાસે રિઝર્વ જથ્થો માત્ર ૧૭ હજાર ક્યુબિક કિલોમીટર છે, પરંતુ અમેરિકા ગલ્ફ દેશો પાસેથી મોટાપાયે ગેસની આયાત કરે છે અને એનું પ્રોડક્શન કરીને દુનિયાને વેચે છે. પેટ્રોલિયમ પ્રોડક્શનમાં પણ અમેરિકા જ આ રીતે નંબર વન છે. અમેરિકા ક્રૂડ ઉત્પાદક દેશો પાસેથી કાચી સામગ્રી ખરીદે છે અને પછી અમેરિકન કંપનીઓ એની રિફાઈનરીઝમાં પ્રોસેસ કરીને આખી દુનિયાને સપ્લાય કરે છે. આ પ્રોસેસમાં જ અમેરિકા માતબર કમાણી કરે છે. ગેસની સપ્લાયની રીતે જોઈએ તો કુદરતી ગેસના બિઝનેસમાં અમેરિકાનો શેર ૨૨ ટકા છે. રશિયા ૧૨ ટકા સાથે બીજા નંબરે છે. બીજા એકેય દેશો બે આંકડે પહોંચતા નથી. એનો અર્થ એ કે ગેસના વેપારમાં અમેરિકા-રશિયાની મોનોપોલી છે. બંનેને પોત-પોતાના બાંધેલા 'ગ્રાહકો' છે. રશિયાના એવા જ એક મોટા ગ્રાહકનું નામ છે - યુરોપ.

યુરોપમાં ગેસ પહોંચાડવા માટે રશિયા-જર્મનીએ ૧૨૨૨ કિલોમીટરની લાંબી ગેસ પાઈપલાઈન બનાવી. આ ગેસ પાઈપલાઈન નોર્ડ સ્ટ્રીમ-૧ નામથી જાણીતી છે. રશિયાની સરકારી કંપની ગેઝપ્રોમ અને જર્મનીની કંપનીઓ સહિત પાંચ કંપનીઓનો એમાં હિસ્સો છે. જર્મની સુધી ગેસ પહોંચે છે એટલે જર્મન કંપનીઓ તો કમાણી કરે જ છે, સાથે સાથે જેટલા દેશોમાંથી આ પાઈપલાઈન પસાર થાય એ તમામને ટ્રાન્ઝિટ ફી પણ મળે છે. યુક્રેન-રશિયા વચ્ચે યુદ્ધ થયું પછી રશિયા પર યુરોપિયન સંઘે પ્રતિબંધો મૂક્યા, ત્યારથી આ ગેસ પાઈપલાઈન બંધ છે. ૨૦૧૧થી ચાલતી આ ગેસલાઈન સફળ થઈ પછી ૨૦૧૨માં રશિયા-જર્મનીએ નોર્ડ સ્ટ્રીમ-૨ નામની બીજી પાઈપલાઈન પણ શરૂ કરી છે. જોકે, બીજી પાઈપલાઈન હજુ એક્ટિવ થઈ નથી.

વેલ, રશિયા-યુરોપની પાઈપલાઈન ધીકતી કમાણી કરીને આપવા માંડી એનાથી ઉત્સાહિત થઈને રશિયાએ ચીનને જોડતી પાઈપલાઈન શરૂ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. રશિયાના સાઈબેરિયાથી રશિયન સરહદે આવેલા ચીનના હેહી સુધી બિછાવાયેલી આ પાઈપલાઈન પાવર ઓફ સાઈબેરિયાના નામે ઓળખાય છે. જર્મની સાથે નોર્ડ સ્ટ્રીમ-૧ માટે જે અરસામાં વાટાઘાટો ચાલતી હતી એ પછી તુરંત જ રશિયાની સરકારી કંપની ગેઝપ્રોમે ચીનની સરકારી કંપની સીએનપીસી સાથે ચર્ચા વિચારણા શરૂ કરી હતી. ઘણાં વર્ષોની વાટાઘાટો બાદ આખરે ૨૦૧૧માં કરારો થયા હતા અને ૨૦૧૨માં એનું કન્સ્ટ્રક્શન શરૂ થયું હતું. ૨૦૧૯થી ઓપરેશનલ થયેલી આ પાઈપલાઈનના હજુ માત્ર બે કમ્પ્રેશન સ્ટેશન્સ બન્યાં છે. એ પાઈપલાઈન સંપૂર્ણપણે આ વર્ષના અંતે કે આવતા વર્ષે ઓપરેશનલ થશે.


**સમગ્ર ગુજરાત માં પત્રકારો અને જાહેરાત નું કામ કરી શકે તેવા ઉમેદવારો નીમવાના છે**

"વિશ્વ સમાચાર" અખબારમાં પત્રકાર તરીકે ત્થા જાહેરાત નું કામ કરી શકે તેવા યુવક - યુવતીઓ નીમવાના છે. જે ઉમેદવારને બાયોડેટા સાથે કાર્યાલય નો સંપર્ક કરવો.

"વિશ્વ સમાચાર"

મો. ૯૨૭૪૫ ૪૫૪૫૫

Email : vishvasamacharindia@gmail.com


### લોકોને નોકરીની લાલચ આપી ફસાવતા

# આંતરરાષ્ટ્રીય સાયબર ગુલામી રેકેટમાં વધુ એક આરોપી ઝડપાયો

અમદાવાદ

સાયબર ક્રાઈમ સેલે સાયબર ગુલામીના આંતરરાષ્ટ્રીય રેકેટનો વધુ એક આરોપી ઝડપાયો છે. અલ્ફાઝ હનીફભાઈ અજીજ મેમનને આણંદ ખાતેથી ઝડપી પાડ્યો છે. અગાઉ ધરપકડ કરાયેલા અન્ય આરોપીઓ સાથે મળીને અલ્ફાઝ ભારતીય નાગરિકોને ગેરકાયદેસર રીતે મ્યાનમાર મોકલવામાં સક્રિય હતો. તે કમિશનના બદલામાં અગાઉ પકડાયેલા આરોપી દાનીશ સુલેમાનભાઈ દાંત્રેલીયા સાથે મળીને ભારતીય નાગરિકોને મ્યાનમાર મોકલતો હતો.

તેણે બે ભારતીય નાગરિકોને ગેરકાયદેસર રીતે મ્યાનમાર મોકલ્યા હતા. આ ઉપરાંત લગભગ એક અઠવાડિયા પહેલા તેણે અન્ય ત્રણ ભારતીય નાગરિકોને પણ મ્યાનમાર મોકલવા માટે અમદાવાદ એરપોર્ટથી બેંગકોક રવાના કર્યા હતા. જોકે, આ રેકેટનો પર્દાફાશ થતા અને સમાચાર માધ્યમોમાં જાણ થતા આ ત્રણેય નાગરિકો બેંગકોકથી જ ભારત પરત ફર્યા હતા.

આ રેકેટમાં આરોપીઓ ભારના જુદા જુદા રાજ્યોના લોકોને લાલચ આપી ફસાવતા હતા. આ રીતે વિદેશમાં સારી નોકરીની લાલચો આપીને લોકોને ફસાવતા હતા. અલ્ફાઝ હનીફભાઈ અજીજ મેમનને આણંદ ખાતેથી ઝડપી પાડ્યો છે. વધુ એક આરોપ ઝડપાતા તેમની પાસેથી આંતરરાષ્ટ્રીય રેકેટના વધારે રહસ્યો બહાર આવે તેવી શક્યતાઓ છે.

### અંકલેશ્વર તાલુકાના જીતાલીગામ ખાતેથી ઝડપાયો

# ઉત્તર પ્રદેશથી પિસ્તોલ લાવી વેચવા ફરતો શખ્સ એસઓજીના હાથે ઝડપાયો

અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના જીતાલીગામ ખાતેના તળાવ પાસેથી કમરના ભાગે પિસ્તોલ છુપાવીને ફરતા ઉત્તર પ્રદેશના શખ્સને એસઓજી પોલીસની ટીમે ઝડપી પાડ્યો હતો. ગઈકાલે બપોરના સમયે જીતાલીગામ તળાવ પાસે સેંગપુર તરફ જવાના માર્ગ પર એક વ્યક્તિ ગેરકાયદેસર હથિયાર લઈ ફરી રહ્યો હોવાની માહિતી ભરૂચ એસોજી ટીમને સાંપડી હતી. જેના આધારે પોલીસે બાતમી મુજબના સ્થળેથી નરેન્દ્રસિંગ મૃત્યુંજયસિંગ (રહે-મીરાનગર ઝુપડપટ્ટી, અંકલેશ્વર/મૂળ રહે-ઉત્તર પ્રદેશ) ને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની તલાસી લેતા કમરના ભાગેથી હાથ રૂમાલમાં વિટાળેલ એક કારતુસ વગરની પિસ્તોલ મળી આવી હતી. આરોપીએ પોલીસ સમક્ષ પ્રાથમિક પૂછતાછમાં પોતાના વતન ખાતેના કેરાકતના માર્કેટમાંથી એક અજાણ્યા વ્યક્તિ પાસેથી રૂ.૩૫૦૦માં ખરીદી લાવ્યો હોવાની કબુલાત કરી હતી. આરોપી ગ્રાહક મળે તો વેચાણની ફિરાકમાં હોય પોલીસે તેને ઝડપી પાડી રૂ.૧૦ હજારની કિંમતની પિસ્તોલ કબજે કરી હતી. અંકલેશ્વર રૂરલ પોલીસે આરોપી વિરુદ્ધ ધી આર્મ્સ એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### ઘટનાના ત્રીજા દિવસે પણ પ્લાન્ટ બંધ રહ્યો

# પંચમહાલની જીએફએલની ગેસ લીકેજની ઘટનામાં બે કર્મચારીઓના મોત


ગોધરા

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના રણજીતનગર ખાતે આવેલી ગુજરાત ફ્લોરો કંપની (જીએફએલ)માં બુધવારે બપોરના સમયે અચાનક ગેસ લીકેજની ઘટના બનતા નાસભાગ મચી ગઈ હતી. આ ઘટનામાં અસરગ્રસ્ત ૧૨ કર્મચારીઓને વડોદરાની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા, જેમાં વેન્ટીલેટર પર રહેલા એક કર્મચારીનું ગુરુવારે રાત્રે સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. બનાવ સંદર્ભે રાજગઢ પોલીસ અને વિવિધ સરકારી એજન્સીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે અને ગેસ લીકેજનું ચોક્કસ કારણ હજી જાણવા મળ્યું નથી. ઘટનાના ત્રીજા દિવસે પણ પ્લાન્ટ બંધ રહ્યો હોવાનું જાણવા મળે છે.રણજીતનગર ખાતે આવેલી જીએફએલ કંપનીમાં બુધવારે બપોરના સમયે અચાનક ગેસ લીકેજની ઘટના બનતા અફડા તફડી મચી ગઈ હતી, જેમાં નજીકમાં આવેલા મંદિરમાં પૂજા કરતા પૂજારી હરેશભાઈ વ્યાસનું મોત નિપજયું હતું. જયારે અસરગ્રસ્ત ૧૨ કર્મચારીઓને પ્રથમ હાલોલ અને ત્યાંથી વધુ સારવાર માટે વડોદરાની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. રાજગઢ પોલીસ મથકના પો.એસ.આઈ રાઠોડ દ્વારા અકસ્માત મોતના કાગળો કરી બનાવ સંદર્ભે તપાસ હાથ ધરાઈ અને કંપનીના અન્ય કર્મચારીઓ અને અસરગ્રસ્ત કર્મચારીઓના નિવેદનો લઈ તપાસ શરૂ કરવામાં આવી હતી. બીજી તરફ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને ફેક્ટરી ઈન્સ્પેક્ટર અને તેમની ટીમ દ્વારા પ્લાન્ટની મુલાકાત લઈ તપાસ શરૂ કરી. જો કે લીકેજનું ચોક્કસ કારણ જાણવા મળ્યું ન હોવાથી હાલમાં પ્લાન્ટને બંધ કરવામાં આવ્યો છે.વડોદરા ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા ગોરવા સાંઈનાથ નગરમાં રહેતા સંજયકુમાર પ્રતાપસિંહ મહિડા (૪૭)નું સારવાર દરમિયાન મોત થતાં રાજગઢ પોલીસ દ્વારા તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આમ આ ઘટનામાં એક કર્મચારી સહિત બેના મોત નિપજ્યા છે. જયારે ૧૦ કર્મચારીઓ હજી સારવાર હેઠળ હોવાનું જાણવા મળે છે, જેમાં પાંચ વેન્ટીલેટર પર છે.

### નો રોડ-નો ટોલ' આંદોલનની અસર

# કચ્છના ૪ ટોલનાકા સોમવાર સુધી ટોલ ફ્રી જાહેર કરાયા

## રિજનલ ઑફિસરે આ મુદ્દે દિલ્હીમાં ઉચ્ચ સ્તરે ચર્ચા કરી સવારે જવાબ આપવા જણાવ્યું હતું



કચ્છ : કચ્છના રાષ્ટ્રીય ધોરીમાર્ગોની ખખડધજ હાલતથી કંટાળેલા ટ્રાન્સપોર્ટ ઍસોસિએશન દ્વારા સામખિયાળી ટોલ નાકે શરુ કરવામાં આવેલા 'નો રોડ, નો ટોલ' ચક્કાજામ આંદોલનનો સુખદ અંત આવ્યો છે. નેશનલ હાઈવે ઑથોરિટી દ્વારા આગામી બે દિવસમાં તમામ ખખડધજ રોડ પર પડેલા ગાબડાં પૂરી નાખી પેચવર્ક કરવાની ખાતરી આપી હતી. સોમવાર મધરાત સુધી એટલે કે ૧૫ સપ્ટેમ્બર રાત્રિના ૧૨ વાગ્યા સુધી સૂરજબારી, સામખિયાળી, મોખા અને માખેલ નાકા ટોલ ફ્રી કરવાની પણ જાહેરાત કરી હતી.

લાંબા સમયથી ટ્રાન્સપોર્ટરો દ્વારા કરાઈ રહેલી રજૂઆતો છતાં હાઈવે ઑથોરિટી દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવતા નહોતા. આખરે સત્યાગ્રહના પગલે મોડી રાત્રે નેશનલ હાઈવે ઑથોરિટીના રિજનલ ઑફિસર કચ્છ દોડી આવ્યા હતા અને ટ્રાન્સપોર્ટરો સાથે મીટીંગ કરી હતી. મધરાત્રે બે વાગ્યે સામખિયાળી ખાતે ટ્રાન્સપોર્ટરો સાથે યોજાયેલી બેઠકમાં ટ્રાન્સપોર્ટરો તેમની માંગણીઓ પર મક્કમ રહ્યા હતા. રિજનલ ઑફિસરે આ મુદ્દે દિલ્હીમાં ઉચ્ચ સ્તરે ચર્ચા કરી સવારે જવાબ આપવા જણાવ્યું હતું. ત્યારે આજે સવારે ફરી નેશનલ હાઈવે ઑથોરિટીના રિજનલ ઑફિસર સુશીલ યાદવ, કચ્છ કલેક્ટર આનંદ પટેલ, પૂર્વ કચ્છ પોલીસ અધીક્ષક સાગર બાગમાર અને વિવિધ ઍસોસિએશનના પ્રતિનિધિઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. જેમાં ૧૫ સપ્ટેમ્બરની મધરાત્રિ સુધીમાં પેચવર્ક પૂર્ણ કરવાની અને ત્યાં સુધી વાહનોને ટોલ-ફ્રી રાખવાનો નિર્ણય લેવાયો હતો. ઉલ્લેખનીય છે કે આંદોલનના પગલે ૪૫થી વધુ વાહનોના પૈડા થંભી ગયા હતા. કચ્છના રાષ્ટ્રીય ધોરીમાર્ગોની હાલત સુધારવામાં નહીં આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની ચિમકી આપવામાં આવી હતી. જિલ્લાના ૭ ટોલનાકા ઉપર દૈનિક ચાર કરોડનું ટોલનાકું વસુલવામાં આવતું હોવા છતાં ધારીમાર્ગોની ખસ્તા હાલત છે. હાઈવેના રસ્તા ખખડધજ હાલતમાં છે. અનેક રજૂઆતો છતાં માર્ગ મરમત માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી, જેથી નારાજ થઈ આ આંદોલનની શરુઆત કરવામાં આવી હતી. કચ્છના ટ્રાન્સપોર્ટ જગત દ્વારા કચ્છમાં રાષ્ટ્રીય ધોરીમાગીની ખસ્તા હાલત સામે લડતના મંડાણ કરાયા હતા. અંજાર તાલુકાનાં ખેડોઈ ગામના લોકોએ જણાવ્યું હતું કે ગાંધીધામ-મુન્દ્રા નેશનલ હાઈવે પર ઠેર ઠેર ડ્ર્ગ્સના હાટડાઓ ધમધમી રહ્યા હોવાથી વાહન ચાલકો નશો કરી પોતાના વાહનો ચલાવતા હોવાથી અનેક નિર્દોષ લોકોનો ભોગ લેવાય છે. આ ઉપરાંત રોડ પર ઠેર ઠેર ખાડાઓ હોવાથી નાના-મોટા અકસ્માતો રોજ બની રહ્યા છે.

જેથી ગ્રામજનોએ માર્ગ પરથી પસાર થતાં વાહનોને અટકાવી ચાલકોને ગુલાબનું ફૂલ આપી, ઠંડી છાશ પીવડાવી નશો કરી વાહન ન ચલાવવા અપીલ કરી હતી.

# વડોદરામાં દારૂના કટિંગ સમયે જ પોલીસ ત્રાટકી

વડોદરા

વડોદરાના વાઘોડિયા રોડ પર દારૂના કટિંગ સમયે જ પોલીસે રેડ પાડી હતી. જીપ અને ઘરમાંથી પોલીસે ૨.૬૨ લાખનો દારૂનો જથ્થો કબજે કર્યો છે.

પાણીગેટ પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન માહિતી મળી હતી કે, વાઘોડિયા રોડ બી.પી.એસ. સ્કૂલ પાસે આવેલી અંબિકા ધામ સોસાયટીમાં રહેતો રવિ કહાર પીકઅપ ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો લાવ્યો છે અને પોતાના ઘર પાસે ઉતારી રહ્યો છે. જેથી,પોલીસ સ્ટાફે ઉપરોક્ત સ્થળે રેડ કરતા એક જીપ ઉભી હતી અને તેની નજીક ઉભેલા રવિ કનુભાઈ કહારને કોર્ડન કરીને પકડી લીધો હતો. પોલીસે જીપ તથા આરોપીના ઘરમાંથી દારૂની ૧,૨૬૮ બોટલ કિંમત રૂપિયા ૨.૬૨ લાખની કબજે કરી હતી. પોલીસે દારૂ, જીપ, મોબાઈલ ફોન મળી કુલ ૬.૭૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. જ્યારે જીપનો ડ્રાઈવર દિનેશભાઈ (રહે. સેલવાસ) ભાગી ગયો હોઈ પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો છે.

### સ્થળ નિરીક્ષણ બાદ આ સર્ટીફીકેટ આપવામાં આવશે

# નવરાત્રી અંગે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સેફટી ગાઈડલાઈન્સ જાહેર કરાઈ

## જરૂરી દસ્તાવેજોની હાર્ડ ફાઈલ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ, સેક્ટર-૧૭ ગાંધીનગર ખાતે જમા કરાવવાની રહેશે

ગાંધીનગર

આવનાર દિવસોમાં શારદીય નવરાત્રી મહોત્સવ પ્રારંભ ૨૨ સપ્ટેમ્બરથી ૧ ઑક્ટોબર સુધી થશે. આગામી નવરાત્રી ધ્યાનમાં રાખીને ગાંધીનગર મહાનગરપાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ દ્વારા જાહેર સલામતી અને ફાયર સેફટી માટે એક વિસ્તૃત માર્ગદર્શિકા **(SOP)** તૈયાર કરવામાં આવી છે. જાહેર કરાયેલા નિયમો જોઈએ તો તમામ નવરાત્રી આયોજકો માટે ટેમ્પરરી ફાયર સેફટી સર્ટીફીકેટ **(FSCAT)** મેળવવું ફરજિયાત છે. આ માટે, તેમણે ગુજરાત ફાયર સેફટીની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરીને જરૂરી દસ્તાવેજોની હાર્ડ ફાઈલ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ, સેક્ટર-૧૭ ગાંધીનગર ખાતે જમા કરાવવાની રહેશે. સ્થળ નિરીક્ષણ બાદ આ સર્ટીફીકેટ આપવામાં આવશે.માર્ગદર્શિકામાં અનેક મુખ્ય બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આયોજકોએ પંડાલની ક્ષમતા મુજબ જ વ્યક્તિઓને પ્રવેશ આપવો પડશે અને પ્રત્યેક વ્યક્તિ દીઠ ઓછામાં ઓછી ૧ ચોરસ મીટર જગ્યા સુનિશ્ચિત કરવી પડશે. આ ઉપરાંત, મંડપમાં પ્રવેશતા દર્શકો અને ખેલૈયાઓનો દૈનિક રેકોર્ડ પણ રાખવાનો રહેશે. ઈમરજન્સીના સમયે લોકો સરળતાથી બહાર નીકળી શકે તે માટે પૂરતા ઈમરજન્સી એક્ઝિટ ગેટ રાખવા, જે પરસ્પર વિરુદ્ધ દિશામાં હોવા જોઈએ. મંડપમાં કે પંડાલમાં કોઈપણ પ્રકારની જ્વલનશીલ સામગ્રી, પ્રવાહી કે ફટાકડાનો ઉપયોગ કે સંગ્રહ કરવા પર પ્રતિબંધ છે. તમામ ઈલેક્ટ્રિક વાયરીંગ માન્ય ઈલેક્ટ્રિકલ એન્જિનિયર દ્વારા તપાસેલું હોવું જોઈએ અને તે પ્રવર્તમાન વીજળી અધિનિયમ મુજબનું હોવું જોઈએ. મૂર્તિ પાસે રાખવામાં આવતા દીવા નીચે રેતીનો બેઝ રાખવો ફરજિયાત છે. દરેક ૧૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ઓછામાં ઓછા બે ૬ કિલોગ્રામના **ABC** ટાઈપ ફાયર એક્સટીંગ્યુશર અને ૪.૫ કિલોગ્રામના **CO2** ટાઈપ ફાયર એક્સટીંગ્યુશર ઉપલબ્ધ રાખવા પડશે. આયોજકોએ પ્રવેશદ્વાર પર ફાયર વિભાગ, પોલીસ અને એમ્બ્યુલન્સના ઈમરજન્સી સંપર્ક નંબરો દર્શાવતા બોર્ડ પણ લગાવવાના રહેશે.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન આગ અકસ્માતથી સુરક્ષિત રહે તે માટે ફાયર એક્સટીંગ્યુશરનો ઉપયોગ કરનાર જાણકાર વ્યક્તિઓને ચોવીસ કલાક ઉપલબ્ધ રાખવા પણ જણાવવામાં આવ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આ માર્ગદર્શિકાનું પાલન સુનિશ્ચિત કરવા માટે તમામ સ્થળોએ સમયાંતરે ચકાસણી કરવામાં આવશે. જો કોઈ ક્ષતિ જણાશે તો આયોજકોએ તેને સુધારવી પડશે, અન્યથા કાર્યક્રમ બંધ કરાવવાની જવાબદારી આયોજકની રહેશે. અકસ્માતના કિસ્સામાં તમામ જવાબદારી આયોજકની રહેશે તેમ પણ સ્પષ્ટ કરાયું છે.

### સરપંચના નામે ધમકાવ્યા હતા

# અમરેલીમાં વીજ ચેકિંગના અધિકારીઓને ભગાડવા મામલે ફરિયાદ દાખલ થઈ

અમરેલી

અમરેલી જિલ્લામાં બગસરાના માવજીંજવા ગામે વીજ ચેકિંગ માટે ગયેલી પીજીવીસીએલની ટીમને ગામના રોષનો ભોગ બનવું પડ્યું હતું, સ્થાનિકોએ પીજીવીસીએલની ટીમને ગામમાંથી હાંકી કાઢી હતી. આ મામલે હવે કુકાવાવના વીજ કચેરીના નાયબ ઈજનેર ધમકી આપનાર શખસ સામે ફરજમાં રૂકાવટની ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી અનુસાર, ૧૨મી સપ્ટેમ્બરે બગસરા તાલુકાના માવજીંજવા ગામમાંથી પીજીવીસીએલની ટીમને ગ્રામજનો અને સરપંચ દ્વારા હાંકી કાઢવામાં આવ્યા હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો હતો. પીજીવીસીએલની સાતથી આઠ ગાડીઓનો કાફલો પોલીસ બંદોબસ્ત સાથે શુક્રવારે સવારે ગામમાં વીજ ચેકિંગ માટે પહોંચી હતી. પરંતુ ગ્રામજનોના વિરોધનો સામનો કરવો પડ્યો હતો. હવે પીજીવીસીએલ દ્વારા ફરજમાં રૂકાવટની પોલીસ ફરિયાદ નોંધાવી છે.જેમાં કુકાવાવના વીજ કચેરીના નાયબ ઈજનેરને ધમકી આપનાર શખ્સ સામે ફરિયાદ નોંધાઈ છે.ઉલ્લેખનીય છે કે, ગામના સરપંચ મહેશ સભાડિયાએ પીજીવીસીએલની પર ગંભીર આક્ષેપો કરતાં જણાવ્યું હતુ કે, 'ગામના લોકોએ પીજીવીસીએલને લગતા પ્રશ્નો અંગે અનેક વખત રજૂઆતો કરી છે. છેલ્લા ત્રણ વર્ષથી અમારી અરજીઓ પેન્ડિંગ પડી છે. પીજીવીસીએલ પાસે ચેકિંગ કરવાનો સમય છે, પરંતુ મેન્ટેનન્સ માટે સમય નથી.'પીજીવીસીએલની કામગીરી અંગે સરપંચે કહ્યું હતું કે, 'ગામમાં વીજવાયરો તૂટેલા છે અને પીજીવીસીએલ દ્વારા કોઈ કામગીરી કરવામાં આવી નથી. ગામમાં પ્રવેશ કરતાં પહેલાં જ્યોતિગ્રામ અને ખેતીવાડીનું મેન્ટેનન્સ કરવું જોઈએ. ગામ અમારા બાપનું છે, મહેરબાની કરીને મને પૂછ્યા વગર મારા ગામમાં પગ ન મૂકતા, નહીંતો કોઈના ટાંગા-બાંગા ધોવાઈ જશે વગરકામના, જો તમે મેન્ટેનન્સનું કામ પૂરું કરીને આવશો, તો અમે સાથે રહીને ચેકિંગ કરાવીશું.'

### બીજા બિલ્ડરે આપી હતી હત્યાની સોપારી

# પાટીદાર અગ્રણી-બિલ્ડરની મર્સિડીઝમાંથી લાશ મળી

## તીક્ષ્ણ હથિયારથી મોતને ઘાટ ઉતારી મૃતદેહ ગાડીમાં વિરાટનગર બ્રિજ નીચે મુકી દીધો, ત્રણની ધરપકડ કરાઈ



અમદાવાદ

અમદાવાદમાં જાણીતા બિલ્ડર અને પાટીદાર અગ્રણી હિંમત રૂડાણીની હત્યાનો સનસનીખેજ ખુલાસો થયો છે. આ હત્યામાં બીજા બિલ્ડરની સંડોવણી બહાર આવી છે. બિલ્ડર મનસુખ લખાણી ઉર્ફે જેકીની આ હત્યામાં સંડોવણી ખૂલી છે. ૧૩ સપ્ટેમ્બરની મોડીરાત્રે વિરાટનગર બ્રિજ નીચેથી ઠક્કરનગર બ્રિજ પાસે આવેલી કૈલાસધામ વિભાગ ૧માં રહેતા પાટીદાર અગ્રણી અને બિલ્ડર હિંમતભાઈ રૂડાણીની તીક્ષ્ણ હથિયાર વડે હત્યા કરેલી લાશ મળી આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની પૂર્વ ઝોનની ઓફિસની સામેના ભાગે વિરાટનગર બ્રિજની નીચેથી સફેદ કલરની એક મર્સિડીઝ કાર તરફ લોકોનું ધ્યાન ગયું હતુ. કારણ કે આ કારમાંથી દુર્ગંધ આવી રહી હતી. રાતના સમયે લોકોએ જોયું તો કારમાં કોઈ વ્યક્તિનો મૃતદેહ પડ્યો હતો. તેથી લોકોએ પોલીસને જાણ કરી હતી.

પોલીસે તપાસ કરી તો ગાડીમાં કોઈ અજાણી વ્યક્તિનો મૃતદેહ મૂકાયો હતો. તેમનો મૃતદેહ ગાડીના ડેકીમાં મૂકાયો હતો. ગાડીમાંથી દુર્ગંધ આવી રહી હતી. પોલીસે તપાસ કરતા મૃતદેહ હિંમત રુડાણી નામના શખ્સનો હોવાનું જાણવા મળ્યું. તપાસમાં સામે આવ્યું કે, તેઓ બિલ્ડર છે અને પાટીદાર સમાજના અગ્રણી છે. બિલ્ડર હિંમત રુદાણીની તીક્ષણ હથિયારના ઘા મારી હત્યા નિપજવામાં આવી છે. હત્યા કરીને લાશ તેમના જ મર્સિડીઝમાં મૂકાઈ હતી અને ગાડી વિરાટનગર બ્રિજ પાસે પાર્ક કરી દેવાઈ હતી.

ઓઢવ પોલીસે ગણતરીના કલાકોમાં બિલ્ડરની હત્યાનો ભેદ ઉકેલી નાંખ્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યુ કે, બિલ્ડર મનસુખ લાખાણી ઉર્ફે જેકી દ્વારા બિલ્ડર હિંમત રૂડાણીની હત્યાનું કાવતરું રચવામાં આવ્યું હતું. ઓઢવ પોલીસે બિલ્ડર મનસુખ લખાણી ઉર્ફે જેકીની પણ પૂછપરછ શરૂ કરી છે. બિલ્ડર હિંમત રૂડાણીની હત્યા માટે ઝડપાયેલ ૩ આરોપીને બિલ્ડર મનસુખ લાખાણી ઉર્ફે જેકીએ સોપારી આપી હતી.

વર્ષ ૨૦૨૪ માં પણ બંને બિલ્ડરના હિંમત રૂડાણીના પુત્રએ બિલ્ડર આરોપી મનસુખ લખાણીના પુત્ર સામે દોઢ કરોડ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.

ઓઢવ પોલીસ તથા અન્ય ટીમે સાથે મળીને ગણતરીના કલાકમાં બિલ્ડર હિંમત રૂડાણીની હત્યાના ગુનાનો ભેદ ઉકેલ્યો છે. ઓઢવ પોલીસે ત્રણ આરોપીઓની રાજસ્થાન સિરોહીમાંથી ધરપકડ કરી છે. પોલીસને પહેલેથી જ આ કેસમાં રૂપિયાની લેતીદેતીમાં હત્યા થઈ હોવાનો કે અન્ય બિલ્ડર દ્વારા હત્યાની સોપારી આપ્યાની શંકા હતી. જેમાં આખરે પોલીસે ભેદ ઉકેલી લીધો છે.

આ આરોપીઓની ધરપકડ

હિંમાશું ઉર્ફે રાહુલ હરીશભાઈ રાઠોડ (રહે.હિરાવાડી, ચાર રસ્તા અમદાવાદ શહેર)

પપ્પુ હિરાજી મેઘવાલ (રહે.જાવલ શીરોહી)

એક કાયદાના સંઘર્ષમાં આવેલ સગીરની અટકાયત

ઉપરોકત ત્રણેય આરોપીઓને રાજસ્થાન સિરોહી પાસેથી હસ્તગત કર્યા છે. ઝોન-૫ ના રામોલ પીઆઈ, ઓઢવ પીઆઈ, નિકોલ પીઆઈ, ઝોન ૫ એલસીબી સ્કવોડના કુલ ૫૦ પોલીસ કર્મી અને અધિકારીએ આખી રાત ઓપરેશન પાર પાડ્યું. બનાસકાંઠા એલસીબી અને અમીરગઢ પોલીસે પણ આરોપીઓને ઝડપવામાં મદદ કરી છે.

લેઉવા પાટીદાર સમાજમાં અગ્રણી એવા હિંમતભાઈ કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરે છે. નરોડા, નિકોલ વિસ્તારમાં તેમની કન્સ્ટ્રક્શન સાઈટો ચાલે છે. ઠક્કરબાપાનગર બ્રિજ પાસે પણ તેમણે પાટીદાર સમાજના બાળકો રહી અને ભણી શકે તેના માટે હોસ્ટેલ બનાવી છે. પાટીદાર સમાજના અગ્રણીની હત્યાને પગલે સમાજમાં પણ ભારે રોષ ફેલાયો છે.

## પિતાએ ઠપકો આપતા ૧૬ વર્ષનો પુત્ર ઘર છોડી ચાલ્યો ગયો

વડોદરા

પિતાએ મોબાઈલ ફોનમાં ગેમ રમવા બાબતે ઠપકો આપતા ૧૬ વર્ષનો પુત્ર મોડી રાત્રે કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી જઈ ગુમ થવા અંગે ફરિયાદના આધારે કપૂરાઈ પોલીસે શોધખોળ શરૂ કરી હતી.શહેરના આજવા રોડ ખાતે રહેતો ૧૬ વર્ષીય વિદ્યાર્થી કોમ્પ્યુટર એન્જિનિયરના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે. ગઈ તા. ૧૦ સપ્ટેમ્બરના રોજ રાત્રે તે મોબાઈલ ફોન ઉપર ગેમ રમી રહ્યો હોય પિતાએ તેની પાસેથી મોબાઈલ ફોન આંચકી લઈ ગેમ રમવા બાબતે ઠપકો આપ્યો હતો. ત્યારબાદ મોડીરાત્રે પુત્ર ઘર છોડી ચાલ્યો ગયો હોવાની જાણ પિતાને થઈ હતી. સોસાયટીમાં તથા સંબંધીઓના ઘરે તપાસ કરતા તેની કોઈ ભાળ મળી ન હતી. તેણે બ્લેક કલરની ટીશર્ટ તથા ક્રીમ કલરનો બર્મુડો પહેર્યો છે. અંતિમ વખત સગીર વાઘોડિયા ચોકડી પાસેના કેમેરામાં વૃંદાવન ચાર રસ્તા તરફ ચાલતો જતો નજરે ચડ્યો હતો.

### કાચો માલ સમિત કુલ રૂ. ૧.૪ કરોડનો માલ જપ્ત કરાયો

## જામનગરમાં ભેળસેળયુક્ત ઘી બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ

જામનગર

છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા વિવિધ સ્થળ પર ઘીની રેડ કરવામાં આવી રહી છે. ત્યારે ધ્રોલ નજીક ક્રિષ્ના ટ્રેડીંગમાં તંત્ર દ્વારા તપાસણી દરમિયાન સોયાબીન-વનસ્પતિની ભેળસેળ પકડી પાડવામાં આવી હતી. જેમાં શુદ્ધ ઘીમાં ભેળસેળ કરી બનાવટી ઘી બનાવવાનો કાચો માલ સમિત કુલ રૂ. ૧.૪ કરોડનો માલ જપ્ત કરાયો છે. ભેળસેળિયા તત્ત્વો દ્વારા મોટા ભાગે ઘીમાં ખાસ પ્રકારનું રિફાઈન્ડ પામ તેલને મુખ્ય ઘટક તરીકે વાપરતા હોવાનું ધ્યાનમાં આવ્યું છે.

જેનું ટેકસ્ચર ઘીને મળતું આવતું આવે છે. આથી તે શંકાસ્પદ જણાઈ આવતાં તેના ઉત્પાદન અંગેની માહિતી એકત્ર કરી અધિકારીઓ દ્વારા આવું ભેળસેળ કરનારા અને તેમની દરેક કડીઓની તપાસ કરતાં



તેનો છેડો ગાંધીધામ, કચ્છ ખાતેથી મળ્યો હતો.

એચ.ડી.કોશિયાએ વધુમાં કહ્યું હતું કે ભારત ફૂડસ કો-ઓપરેટીવ વિ.-ગાંધીધામ ખાતેથી ચાર નમુના અને ધ્રોલ નજીક ક્રિષ્ના ટ્રેકિંગમાંથી ચાર નમૂના એમ કુલ ૬ નમુના તંત્રના દરોડામાં લઈ ચકાસણી માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. બાકીનો આશરે ૧૦ ટનથી વધુનો જથ્થો કે જેની કિંમત આશરે રૂ ૧.૪૦ કરોડ જેટલી થાય છે, તે જાહેર જનતાના રિફાઈન્ડ પામ તેલ, ને આરોગ્યની સલામતી માટે જપ્ત કરી ઘી માં ભેળસેળ થતી અટકાવવામાં આવી છે. તંત્ર દ્વારા ૧૨ સપ્ટેમ્બરના રોજ ઘીનું ઉપાદન કરતી ક્રિષ્ના ટ્રેડિંગ કંપનીમાં તપાસ હાથ ધરી હતી. જેમાં તંત્ર દ્વારા સ્થળ પરથી ઘી માં સોયાબીન અને વનસ્પતિનું ભેળસેળ કરતા ઈસમોને રંગે હાથ ઝડપી પાડવામાં આવ્યા હતા. જેના આધારે આ એકમના વેપારી ભરતભાઈ ખિમસુરિયાની હાજરીમાં વનસ્પતિના ૩ અને સોયાબીન તેલના એક એમ કુલ ૪ નમૂના લેવામાં આવ્યા છે. જ્યારે બાકીના બે ટન જેટલા ખાદ્ય પદાર્થ કે જેની અંદાજીત કિંમત રૂ. ૩.૩ લાખ જેટલી થવા જાય છે, તે જથ્થો જાહેર જનતાના આરોગયના હિતમાં સ્થળ પર જ સીઝ કરવામાં આવ્યો છે.વધુમાં તંત્ર દ્વારા મે. ક્રિષ્ના ટ્રેડિંગ કંપનીનું લાયસન્સ રદ કરવાની કાર્યવાહી પણ હાથ ધરી છે. અને પૃથ્થકરણ માટે મોકલેલા સેમ્પલ નો રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA PRINTED AT DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. gujarat AND PUBLISHED FROM : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).